આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૩૪ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૩, ગુરૂવાર; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

માનવીનું આયુષ્ય તો વધ્યું છે પણ આયુષ્યમાંનું જીવન ઘટ્યું છે
- જે. કૃષ્ણમૂર્તિ

જિલ્લામાં બટાટાની ખેતીમાં રોગચાળો

બટાટાની એલ.આર. અને લોકરની જાતોમાં પીળીયાનો વિચિત્ર રોગ : ૩૦ ટકા ઉત્પાદનમાં ઘટાડાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પાકોમાં જેની ગણના થાય છે તેવા બટાટાની ખેતીમાં પીળીયાનો રોગ વ્યાપક પ્રમાણમાં દેખાતાં ૩૦ ટકા જેટલુ ઉત્પાદન ઘટે તેવા અંદાજોને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

શાકભાજીનો રાજા ગણાતા બટાટાની એલ.આર. અને લોકરની જાતોમાં આ પીળીયાનો વિચિત્ર રોગ જોવા મળ્યો છે. અને જિલ્લામાં ૫૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં તેની સીધી અસર જોવા મળી રહી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ખાસ કરીને શિવપુરા કંપા અને તેની આસપાસના દહેગામના કેટલાક ગામોમાં બટાટાના આ રોગે દેખા દીધી છે. આ પીળીયા રોગમાં ખેતરમાં વાવણી કરેલા બટાટાના પાકના છોડના પાન પીળા પડી જાય છે અને તેની સાથે જ બે થી ૩ દિવસમાં ખેતરનો મોટો હિસ્સો આ રોગના ભરડામાં આવી જાય છે.

આ રોગને કારણે બટાટાનું કદ નાનુ રહે છે તેમજ તેને પાણી પોયો જ બહાર કાઢી લેવાની ફરજ પડે છે. આજે આ વિચિત્ર પ્રકારના રોગે દીધેલી દેખાને લઈ કેટલાક ખેડૂત આગેવાનો કૃષિ વિભાગના અધિકારીઓને પણ મળ્યા હતા.

એક અંદાજ મુજબ જિલ્લામાં બટાટાની ખેતીના ઉત્પાદનમાં ૩૦ ટકા જેટલી ઘટ ઉભી થાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. હવામાનમાં થઈ રહેલા બદલાવના માર ઉપરાંત આ રોગચાળાની સ્થિતિને કારણે ખેડૂતોની સ્થિતિ દયનીય બની જવા પામી છે.

એલ.આર. અને લોકરની પ્રોસેસ વેરાઈટી બટાકામાં જ આ રોગચાળો જોવા મળી રહ્યો છે અને તેને લઈ ખેડૂતો ભારે ચિંતાતુર બન્યા છે. પ્રોસેસ વેરાઈટીના આ બટાટાના ભાવ પણ સારા એવા ખેડૂતોને મળતા હોય છે.

બટાટાની આ બન્ને જાતો ખાસ કરીને વેફર ઉત્પાદકો દ્વારા ખરીદવામાં આવતી હોય છે. આ ખરીદીમાં પણ ગ્રેડીંગ પદ્ધતિ હોય છે. આમ ખેડૂતોને ત્રણેય દિશામાંથી નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

જિલ્લામાં ૮ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે જે ઉલ્લેખનીય છે.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૮૫ મતદાન મથકો સંવેદનશીલ

સંવેદનશીલ મતદાન મથકો પર એસ.આર.પી.ના જવાનો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકા પંચાયતની આગામી ૧૭મી ફેબ્રુઆરીએ યોજાનાર સામાન્ય ચૂંટણી માટે ૮૫ જેટલા મતદાન મથકો તંત્રને સંવેદનશીલ જણાયા છે અને તેથી સ્થાનિક પોલીસની મદદમાં એસ.આર.પી.નો બંદોબસ્ત ગોઠવવા માટે જણાવાયું છે.

તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટેની ચૂંટણીમાં ૭૫ ઉમેદવારો મેદાનમાં છે. મળતી વિગતો પ્રમાણે આ ચૂંટણી માટે ૨૬૩ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

તાલુકા પંચાયતની આ ચૂંટણીમાં બેઠકોના રોટેશનમાં કરાયેલા ફેરફારને કારણે રાજકીય ઉત્તેજનાઓ સમગ્ર તાલુકામાં પ્રસરેલી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા તંત્ર એ સ્થાનિક પોલીસને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે એસ.આર.પી.ની એક કંપની ફાળવી આપવા ગૃહ વિભાગને જણાવાયું છે.

૧૬મીએ આ કંપની આવી જશે અને બપોર બાદ જ આ જવાનોને સુરક્ષા માટેની જવાબદારી સોંપવામાં આવશે. જે પોલીંગ સ્ટાફ સાથે જ રવાના થશે.

ગાંધીનગર તાલુકાના ૭૩ ગામો વચ્ચે આ બેઠકો વહેંચાયેલી છે અને આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે. જો કે ૧૨ અપક્ષો અને એક અન્ય પક્ષના ઉમેદવાર પણ મેદાનમાં છે.

જિલ્લા તંત્ર દ્વારા આ અંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સાથે પણ પરામર્શ ચાલી રહ્યો છે અને ખાસ કરીને અતિ સંવેદનશીલ મતદાન મથકો છે ત્યાં હથિયારધારી પોલીસ સાથેનો સઘન બંદોસ્ત ગોઠવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

દેવી શારદ સરસ્વતીના મંદિરીયે જઈએ... જઈએ... કાલિદાસને કામન કીધા, ભોજનભાવને દર્શન દીધા... બ્રહ્મચારીણી ભગવતી કેરા આશ્રમમાં રમીએ... આ પ્રાર્થના આમ તો શાળાઓમાં ગવાતી સાંભળવા ક્યારેક ક્યારેક મળે છે પણ આજે વસંત પંચમીનો પવિત્ર દિવસ છે. આ દિવસે મા શારદાની પૂજાનું અનેરૂ મહાત્મ્ય ભારતીય સંસ્કૃતિમાં આલેખાયેલું છે. આમ તો વસંત પંચમી એટલે લગ્ન માટે વણજોયુ મુહૂર્ત એટલુ જ નહિ આ દિવસથી શુભ મુહૂર્તોની એક અનોખી મોસમ શરૂ થતી હોય છે. વસંત પંચમીના આ દિવસની ઉજવણી બાદ ખેડૂતો પણ રવિપાકની લણણીનો પ્રારંભ કરતા હોય છે આમ ઘણી બધી વાતો આ દિવસ સાથે સંકળાયેલી છે. આજે બદલાયેલા યુગમાં પણ સરસ્વતીની પૂજાનું મહત્વ જળવાઈ રહ્યું છે અને તેથી જ આજે આ પૂજનને લઈ ગાવાનું મન થઈ જાય કે 'તારી પૂજાનું ફૂલ થવા શક્તિ દે હે મા શારદા...'

આજના પાવન પર્વે અડાલજના આંગણે

અડાલજ ધામે બિરાજમાન ચંડિકા અવતાર પરામ્બા રાજમાન રાજેશ્વરી

શ્રી ટહુકાની ચેહર માતાજીનો

ષષ્ઠમ પાટોત્સવ

શ્રી સતીષભાઈ ભુવાજી

શ્રી ટહુકાની ચેહર માતાજી

નું ભવ્ય આયોજન સંવત ૨૦૬૯ના મહાસુદ - ૫ (વસંત પંચમી)ને ગુરૂવાર તા. ૧૪-૨-૨૦૧૩ના શુભદિને રાખેલ છે

નવચંડી પ્રારંભ
સવારે ૮-૧૫ કલાકે

શ્રી ટહુકાની ચેહર માતાજીનો નવચંડી મહાયજ્ઞ
શ્રી માધવલાલ મોતીલાલ પટેલ (પરબતપુરાવાળા)
સવારે ૮-૦૫ કલાકે

પૂર્ણાહુતિ
સાંજે ૪-૧૫ કલાકે

રક્તદાન શિબિર
સવારે ૧૦-૧૫થી
સાંજે ૫-૧૫ કલાક

યજ્ઞના આચાર્ય
શાસ્ત્રી રોહિતકુમાર ડી. વ્યાસ
ટહુકાની ચેહર પુજારીશ્રી

પ્રસંગની પ્રસાદી
સાંજે ૬-૧૫ કલાકથી
આપના આગમન સુધી

માતાજીને સવાલાખનું પાટણનું પટોળું ચડાવશે

આશા કોર્પોરેશન, પાટણ
રાજુભાઈ દેસાઈ (કોઈટાવડ), ભાવેશભાઈ દેસાઈ (ધીણોજ)
સાંજે ૫-૧૫ કલાકે

ષષ્ઠમ પાટોત્સવના યજમાનશ્રીઓ

- શ્રી વિષ્ણુભાઈ માધવલાલ પટેલ (પરબતપુરા)
- શ્રી લાલભાઈ મણીલાલ પ્રજાપતિ (ગાંધીનગર)
- શ્રી જયંતભાઈ સુખડીયા (રાધે સ્વીટ માર્ટ-ગાંધીનગર)
- શ્રી વિષ્ણુભાઈ પટેલ (ગાયત્રી ગ્રાઉન્ડ, વસઈવાળા)
- શ્રી ભરતભાઈ બી. પ્રજાપતિ (બી. આર. ફ્રિક્સ)
- શ્રી વિનુભાઈ એચ. પ્રજાપતિ (ધોળાકુવા, ગાંધીનગર)
- શ્રી વિરમભાઈ લીલાભાઈ દેસાઈ (ગાંધીનગર)
- શ્રી ગંગારામ હિમતાજી ગેહલોત (સાદડી, રાજસ્થાન)
- શ્રી કનુભાઈ આત્મારામ પટેલ, 'ટહુકો' (ગાંધીનગર)
- શ્રી અંબાલાલ કે. પ્રજાપતિ (વી. કે. અડાલજ)
- શ્રી અંબુસિંહ ગોલ (પલિકાગામ, ગાંધીનગર)
- શ્રી ભરતભાઈ અમરતભાઈ દેસાઈ (કાસીગામ)

પાવન પ્રસંગો : શ્રી ટહુકાની ચેહર માતાજીનો નવચંડી મહાયજ્ઞ, માતાજીની ધ્વજા રોહણ તથા માતાજીના મહાભોગ (પ્રસાદ) દર્શન તેમજ માતાજીના આમંત્રિત

- મહંતશ્રી લખીરામદાસજી - ટીંટોડા
- મહંત શ્રી ગોવિંદગીરી બાપુ - અણખોલ
- ભુવાજી બચુભાઈ - રુદણ
- ભુવાજી નારણભાઈ - ગમનપુરા

નિમંત્રક
શ્રી સતીષભાઈ ભુવાજી
શ્રી ટહુકાની ચેહર ધામસેવા ટ્રસ્ટ, અડાલજ

પાવન સ્થળ
શ્રી ટહુકાની ચેહર ધામ
અડાલજ, ને. હા. નં. ૮૩, તા. જી. ગાંધીનગર